# Std 12 Gujarati Textbook Solutions Chapter 9 હંકારી જા

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક – એક વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. કવિ કોની વાણી જગાડવાની વાત કરે છે ?**

ઉત્તર:

કવિ પોતાની વીણામાં વાણી જગાડવાની વાત કરે છે.

**પ્રશ્ન 2. કવિ ઈશ્વરને કેવી રીતે પધારવાનું કહે છે ?**

ઉત્તર:

કવિ ઈશ્વરને પવન સાથે વરસતા વરસાદરૂપે પધારવાની વાત કહે છે.

**પ્રશ્ન 3. સોનેરી સપનું ક્યારે જોઈ શકાય ?**

ઉત્તર:

પોઢેલી પાંપણના પડદા ઉપાડવા એટલે અજ્ઞાનનો અંધકાર દૂર કરવો. જ્યારે આ અજ્ઞાન દૂર થાય ત્યારે સોનેરી સપનું જોઈ શકાય.

**પ્રશ્ન 4. ‘સૂની સરિતા એટલે શું?**

ઉત્તર:

‘સૂની સરિતા’ એટલે પ્રભુદર્શનનો ઉત્સુક ભક્ત.

**પ્રશ્ન 5. મનના માલિકને કવિ શું કહે છે?**

ઉત્તર:

જ્યાં, જેવી રીતે ઇચ્છા થાય એમ કવિની જીવન નૈયાને હંકારી જવા વિનંતી કરે છે.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?**

ઉત્તર :

શબરી રામદર્શનની ભૂખી હતી. ભગવાન રામને બોર અર્પણ કરીને તેણે પ્રભુદર્શનની ઇચ્છા પૂર્ણ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કરી. પ્રભુએ દર્શનની ભૂખી શબરીના બોર આરોગીને એની પ્રભુદર્શનની ઝંખના પૂર્ણ કરી. એમ મારી પણ ઇચ્છા પૂરી કરો. હે પ્રભુ! મારે સંસારરૂપી સાગરને કિનારે બંધાવું નથી પણ સમુદ્રના મોજની સેર કરવી છે. એટલે કે પરમતત્ત્વને પામવું છે.

**પ્રશ્ન 2. "હોડી' અને 'સંસારનાં પ્રતીકો સ્પષ્ટ કરો.**

ઉત્તરઃ

હોડી' એટલે માનવજીવન. કવિ મનુષ્યના જીવનને સમુદ્રમાં તરતી હોડી સાથે સરખાવે છે. "સંસાર' એ મોહમાયાના સંબંધો છે. ભગવાનને કવિ વિનંતી કરે છે કે મારી જીવનરૂપી હોડીનો તારણહાર બનીને, માયાના બંધનમાંથી મુક્ત કરીને, સંસારરૂપી સાગરની સેર કરાવ. પરમતત્ત્વને પ્રાપ્ત કરવામાં મદદરૂપ બન. આમ કહીને પ્રભુદર્શનની તીવ્રતા કવિએ વ્યક્ત કરી છે.

## 3. સવિસ્તર ઉત્તર લખો.

**પ્રશ્ન 1. હંકારી જા' કાવ્યનો કેન્દ્રવર્તીભાવ સ્પષ્ટ કરો.**

ઉત્તર :

પ્રકૃતિ અને પરમતત્ત્વની આરાધના જેમની કવિતાઓમાં કેન્દ્રસ્થાને છે એવા કવિ સુંદરમ્ લિખિત "હંકારી જા' કાવ્યમાં કવિ ઈશ્વરને મનના માલિક અને તારણહાર કહે છે.

આ કાવ્યમાં ભક્ત હૃદયની ઉત્સુક્તા અને પ્રભુદર્શનની ઝંખના અતિ લાઘવ સાથે રજૂ થઈ છે. કવિ પોતાના જીવનનું સૂનાપણું દૂર કરીને જીવનરૂપી વીણાના બે સૂર વગાડી જવા કહે છે. બે સૂર એટલે કે નામસ્મરણ અને પ્રભુભક્તિ.

ઝંઝાના ઝાંઝર પહેરીને પ્રભુદર્શનની ઇચ્છાને પૂર્ણ કરવા વિનવે છે. અભિમાનને કારણે અંધ બનેલી આંખો પરથી અજ્ઞાનનો પડદો ઉપાડીને ઈશ્વરના સાક્ષાત્કારનું સોણલું બતાવવા કહે છે. જીવનની નીરસતા અને શુષ્કતાને દૂર કરીને હૃદયને પ્રસન્ન અને મોહમાયાથી મુક્ત કરવા અરજ કરે છે.

રામદર્શનની ભૂખી શબરીના બોર આરોગીને એની પ્રભુદર્શનની ઝંખના પૂર્ણ કરી, એમ મારી પણ એ ઇચ્છા પૂરી કરો. હે પ્રભુ! મારે સંસારરૂપી સાગરને કિનારે બંધાવું નથી પણ સમુદ્રના મોજની સેર કરવી છે. એટલે કે પરમતત્ત્વને પામવું છે.
એ માટે કાવ્યના અંતમાં કવિ ઈશ્વરને મનના માલિક કહીને એમની જીવનરૂપી હોડીને ઇચ્છા અનુસાર હંકારીને પ્રભુ સમીપ લઈ જવા કહે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in